# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

C/o. શાહ ગોવિંદજી વીરમ, ફેકટરી કમ્પાઉન્ડ, મોંઢા રોડ, ઔરંગાબાદ - ૪૩૧ ૦૦૧

## સમ્યગ્જ્ઞાન વિશારદ

मार्च - ~~૨૦૨૦~~ 2023

## ◆◆◆ અભ્યાસક્રમ જવાબ પત્ર ◆◆◆

એનરોલમેન્ટ નંબર ______ ૧૦ ગામ ______

વિદ્યાર્થીનું નામ ______

| ક્રમ | પ્રશ્ન-૧ ખાલી જગ્યા | પ્રશ્ન-૨ એક જ શબ્દમાં |
|---|---|---|
| (૧) | કર્મોથી / કર્મરહિત | સુભટો (સશસ્ત્ર) |
| (૨) | બાહુબલી | વિશાલસ્તૂપ |
| (૩) | શુદ્ધ વાણી | એરંડ ના |
| (૪) | અસંખ્યાત | વિઘ્નરૂપી વેલીઓ |
| (૫) | જીતેન્દ્રિય | અણાહારી પદમાં |
| (૬) | ઉપસર્ગ / આફત | ત્રણ યોગ |
| (૭) | રાય | કર્મસત્તા |
| (૮) | જ્ઞાનાવરણીય | ઈસત્પ્રાગભારા |
| (૯) | લાલસા | લીલાધર |
| (૧૦) | આત્મસ્વરૂપ | પારણ |
| (૧૧) | ઉગતે સૂર્ય | વનસ્પતિકાય |
| (૧૨) | દુર્લભતા | મહાપ્રાણાયામની |
| (૧૩) | આમ્નાયપૂર્વક | અહ્ભુદજ |
| (૧૪) | મહાજનો | સ્થૂલીભદ્રના |
| (૧૫) | આત્મપ્રદેશ. | આયુષ્ય કર્મ |
| (૧૬) | ધર્મલાભ | |
| (૧૭) | પૂર્વ પ્રયોગ | |
| (૧૮) | ગુલામી | |
| (૧૯) | આહાર | |
| (૨૦) | કર્મગુરુતા | |

પ્રશ્ન-૩ શબ્દનો અર્થ

| ક્રમ | જવાબ |
|---|---|
| (૧) | બાદરઅગ્નિકાય |
| (૨) | જલ |
| (૩) | કુમ્ભારના |
| (૪) | વીજળી |
| (૫) | પૃથ્વી |
| (૬) | પામે |
| (૭) | ભ્રમર |
| (૮) | આકાશ |
| (૯) | ભવનપતિ |
| (૧૦) | રાજ્યને વિષે |
| (૧૧) | સારી રીતે સ્નાવાયેલો |
| (૧૨) | પ્રકૃતિ |
| (૧૩) | વેલિઓ |
| (૧૪) | હાથી |
| (૧૫) | ઝાકળ |
| (૧૬) | ઉપરકહ્યા મુજબ |
| (૧૭) | શિષ્ય |
| (૧૮) | પર્યાપ્તા મનુષ્ય |
| (૧૯) | પ્રાપ્ત કર્યા છે |
| (૨૦) | નણખા |

પ્રશ્ન-૪ જોડકાં જોડો

| | | | |
|---|---|---|---|
| (૧) | 5 | (૬) | 9 |
| (૨) | 10 | (૭) | 3 |
| (૩) | 1 | (૮) | 7 |
| (૪) | 2 | (૯) | 4 |
| (૫) | 8 | (૧૦) | 6 |

પ્રશ્ન-૫ સંખ્યામાં જવાબ

| ક્રમ | જવાબ |
|---|---|
| (૧) | વિ.સ. ૧૬૪૨ |
| (૨) | ૪૫૦ |
| (૩) | ૭ |
| (૪) | ૪ |
| (૫) | ૨૪ |
| (૬) | ૮ |
| (૭) | ૧૯ |
| (૮) | ૮ |
| (૯) | ૧૬ |
| (૧૦) | ૯૮ |

| ક્રમ | પ્રશ્ન-૬ ✓ કે × | પ્રશ્ન-૭ આ વાક્ય ક્યા પાને છે તે નંબર |
|---|---|---|
| (૧) | ✓ | ૧૦ |
| (૨) | × | ૧૫ |
| (૩) | × | ૭ |
| (૪) | × | ૧૯ |
| (૫) | ✓ | ૧૧ |
| (૬) | ✓ | ૪ |
| (૭) | × | ૧૧ |
| (૮) | ✓ | ૫ |
| (૯) | ✓ | ૧૨ |
| (૧૦) | × | ૨૧ |

| પ્રશ્ન ૧-મેળવેલ ગુણ | પ્રશ્ન ૨-મેળવેલ ગુણ | પ્રશ્ન ૩-મેળવેલ ગુણ | પ્રશ્ન ૪-મેળવેલ ગુણ | પ્રશ્ન ૫-મેળવેલ ગુણ | પ્રશ્ન ૬-મેળવેલ ગુણ | પ્રશ્ન ૭-મેળવેલ ગુણ | પ્રશ્ન ૮-મેળવેલ ગુણ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

રીમાર્ક ______ તપાસનારની સહી ______

પ્રશ્ન નં. ૮ - તમારી ભાષામાં સમજાવો.

૧. શ્રુતમદ — પૂર્વભવની આરાધનાના કારણે બુદ્ધિ સારી મળે - ઘણું ભણી શકે એ પણ એ જ્ઞાનને જો પચાવી ન શકે તો એને શ્રુત-જ્ઞાનનો પણ ફાંકો આવી જાય અભિમાન આવી જાય તે શ્રુત મદ કહેવાય છે. શાસ્ત્રમાં સ્થૂલીભદ્રજીને શ્રુત મદ થયાની વાત પ્રસિદ્ધ છે. અંતિમ શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી પાસે ૧૪ પૂર્વ નો અભ્યાસ કરતા ૧૦ પૂર્વ ભણી લીધા હતા એક વાર સ્થૂલિભદ્રજી ની સાત સાધ્વીજી બહેનો વંદન માટે આવી. પોતાના જ્ઞાનનો પ્રભાવ બતાવવા એ સિંહનો રૂપ લઈ ને બેઠા હતા. શ્રુતમદના કારણે. ભદ્રબાહુસ્વામી વાત પામી ગયા. વિચારે ચઢ્યા "હવે પછીના જીવો શ્રુતજ્ઞાનને પચાવી નહીં શકે તેથી શાસનને લાભ કરતા નુકસાન વધારે થશે" આવા વિચારથી સ્થૂલિભદ્રજીને વાચના આપવી બંધ કરી. ખૂબ કરગરતા બાકીના ચાર પૂર્વ ભણાવ્યા પણ એના રહસ્ય ન શીખવાડ્યા. અને સ્થૂલિભદ્રજી ના શ્રુતમદ ના કારણે ભરતક્ષેત્ર માં ૧૪ પૂર્વના રહસ્યો નો અને પરંપરાએ ૧૪ પૂર્વનો લોપ થયો.

૨. સિદ્ધશીલા — ઈસિપ્પબ્ભારા નામની પૃથ્વીને સિદ્ધશીલા કહે છે. આ સિદ્ધશીલા ચૌદ રાજલોક ના મસ્તક ઉપર છે. સિદ્ધશીલા પૃથ્વી ની ઉપર લોકનો અંત છે. આ પૃથ્વી મનને હરણ કરનારી છે. કપુરાદિ સુગંધી વસ્તુથી પણ અધિક સુગંધી હોય છે. સૂક્ષ્મ અવયવવાળી કોમલ છે. પવિત્ર અને કાંતિયુક્ત છે. મનુષ્યલોક જેટલા ૪૫ લાખ યોજન પ્રમાણવાળી છે. ઉંધા છત્રના આકારની છે. શુભ્ર છે, સર્વાર્થસિદ્ધ વિમાનથી ૧૨ યોજન ઉપર છે. વચ્ચાં આઠ યોજન જાડી છે અને કિનારી પર માખીના પાંખ કરતા પણ પાતળી છે. એક યોજન ઉપર અલોક છે. એના ચોવિસમાં ભાગમાં સિદ્ધ ભ. ની સ્થિતિ છે.

૩. રાયસીશાહના સુકૃતો — જામનગર ના રાજમાન્ય શ્રેષ્ઠિ રાયસીશાહ નાગડા કલ્યાણસાગરસૂરિના અનન્ય ભક્ત હતા. ગુરુઉપદેશથી શ્રી ગોડીજીનો સંઘ કાઢ્યો. વિ.સ. ૧૬૮૯ના દુષ્કાળ વખતે અન્નક્ષેત્રો ખોલી અનેકોને જીવન દાન આપ્યુ, રાજકોટના રાજાની પ્રેરણાથી કૃષ્ણમંદિર, ભલશારણી ગામ માં જિનાલય અને પૌષધશાળા બંધાવ્યા, માંઢા ગામ માં શિખરબંધ દેરાસર અને પૌષધશાળા બંધાવી સ્વામીવાત્સલ કર્યા. અનેક જગ્યાએ પાણીની પરબો, વિશ્રામગૃહ આદિ બંધાવી પોતાના ધનનો સદ્વ્યય કર્યો. અચલગચ્છ ના સાધર્મિક બંધુઓના પ્રત્યેક ઘરે લહાણી કરી, જામનગર માં દ્વિતીય પ્રતિષ્ઠા કરાવી. એવા અનેક સુકૃતોથી પોતાનો જીવનબાગ મહેકાવ્યો હતો.

૪. અલ્પ-બહુત્વ — ક્યા જીવોની સંખ્યા અલ્પ - ક્યા જીવોની તેનાથી કેટલી વધુ તેની જાણકારી જીવોનું અલ્પ-બહુત્વ કહેવાય. સંખ્યામાં ગણત્રી શક્ય હોય ત્યાં સુધી સંખ્યાત શબ્દ વપરાય ગણત્રી શક્ય ન બને તે અસંખ્યાત અને તેનાથી અવિશેષ વધારે તે અનંત કહેવાય. પર્યાપ્તા મનુષ્ય, બાદર અગ્નિકાય, વૈમાનિક દેવો, ભવનપતિ, નારકી, વ્યંતર, જ્યોતિષિ ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, પૃથ્વીકાય, અપકાય, વાયુકાય અને સિદ્ધો વનસ્પતિકાય એ બધા અનુક્રમે એકએકથી વધારે (અધિક) હોય છે. વનસ્પતિકાય અનંત ગુણ છે.

૫. ઘ્રાણેન્દ્રિયની લુબ્ધતા — આ વિશ્વના તમામ જીવો ને દુઃખ ગમતું નથી સુખ જ ગમે છે. અજ્ઞાની જીવોને સંસારમાં ઈન્દ્રિયોના વિષયસુખો વહાલા લાગે છે પણ વહાલા અને મીઠા લાગતા આ સંસારના સુખોનું અંતિમ પરિણામ શું? જોઈએ ઘ્રાણેન્દ્રિય ની લુબ્ધતાના પરિણામ. હાથીના ગંડસ્થળમાંથી મદ ઝરે છે. આ મદની સુગંધથી ખેંચાઈને જ હાથીના મસ્તક પાસે અને પડખે ઘણા ભમરા ભેગા થઈ ગુંજારવ કરે છે. એમના ગુંજારવથી કંટાળેલો હાથી સતત કાન ફફડાવ્યા કરે છે. તેના ઝપાટા માં આવી અનેક ભ્રમર મરણ ને શરણ થાય છે. તેથી ઈન્દ્રિયોની ગુલામી એ સુખનો નહિ દુઃખનો માર્ગ છે. સુખી થવા માટે તો જિતેન્દ્રિય બનવુ પડે છે.